BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઑફ બ્રેમ્પટનની દસ સગવડોને

# રિક હેન્સેન ફાઉન્ડેશન એક્સેસિબિલિટી સર્ટિફિકેશન મળ્યું

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ડિસેમ્બર 2, 2021) – સીટી ઑફ બ્રેમ્પટનની દસ સગવડોને રિક હેન્સેન ફાઉન્ડેશન એક્સેસિબિલિટી સર્ટિફિકેશન™ (RHFAC) પ્રોગ્રામ મારફતે રિક હેન્સેન ફાઉન્ડેશન એક્સેસિબિલિટી સર્ટિફિકેશન રેટિંગ મળ્યું છે. પ્રોવિન્સ ઑફ ઓન્ટેરિયો અને રિક હેન્સેન ફાઉન્ડેશન વચ્ચે સહિયારી પહેલના ભાગરૂપે સીટીને શુભેચ્છારૂપી રેટિંગ્સ આપવામાં આવ્યું હતું. આ શુભેચ્છારૂપી RHFAC રેટિંગ્સ મેળવીને, સીટી પસંદ કરેલી ઇમારતોમાં પ્રવેશ સુલભતા (એક્સેસિબિલિટી)ને વધારે સારી રીતે સમજવાનું, ભવિષ્યમાં જરૂરી પ્રવેશ સુલભતા સુધારાઓ ઓળખી કાઢવાનું અને હાલમાં ઉપલબ્ધ પહોંચ સુલભતા ધોરણો વધારવાનું કામ ચાલુ રાખી શકે છે.

RHFAC પ્રોગ્રામથી પ્રમાણિત કરાયેલી સીટી સગવડોમાં સામેલ છે:

- સીટી હૉલ – 75 ટકા
- બ્રેમલી ટ્રાન્ઝિટ ટર્મિનલ – 74 ટકા
- બ્રેમ્પટન ગેટવૅ ટ્રાન્ઝિટ ટર્મિનલ – 74 ટકા
- BFES એપરેટસ ઍન્ડ મેઇન્ટેનન્સ ફેસિલિટી (ઉપકરણ અને નિભાવ-જાળવણી સગવડ) – 73 ટકા
- ગૉર મીડોસ – 72 ટકા
- કાસી કૅમ્પબૅલ – 71 ટકા
- સ્પ્રિંગડૅલ લાઇબ્રેરી શાખા – 71 ટકા
- ધી રોઝ થિયેટર – 70 ટકા
- લેસ્ટર બી. પિયરસન થિયેટર – 70 ટકા
- POA કૉર્ટહાઉસ – 68 ટકા

સીટી ઑફ બ્રેમ્પટન અને તેની એક્સેસિબિલિટી એડવાઇઝરી કમિટી બધી ઉંમરના અને ક્ષમતાઓ ધરાવતા લોકો પોતે બ્રેમ્પટનમાં રહે, કામ કરે, રમતો રમે, મુલાકાત લે અને રોકાણ કરે ત્યારે તેઓને સરખી તકો મળી રહે તેની ખાતરી કરાવવા કટિબદ્ધ છે. સીટીમાં એક્સેસિબિલિટી વિશે વધુ માહિતી માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/accessibility.

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

**હેન્સેન ફાઉન્ડેશન એક્સેસિબિલિટી સર્ટિફિકેશન™ પ્રોગ્રામ વિશે**

RHFAC કાર્યક્રમ ધંધાઓ અને સાર્વજનિક ઈમારતો માટે RHFAC કાર્યપદ્ધતિનો ઉપયોગ કરીને ઓળખી કાઢેલા અવરોધો કાઢી નાખવાની રીતો નિર્ધારિત કરવા મિલકત મેનેજરો અને માલિકોને મદદરૂપ થવા પહોંચ સુલભતા રેટિંગ્સ પૂરા પાડવા તાલીમબદ્ધ વ્યવસાયિકોનો ઉપયોગ કરે છે, જે છેવટે તેઓની જગ્યાઓ અને સમુદાયોને વધારે સુલભ બનાવે છે. RHFAC કાર્યક્રમ મારફતે રેટિંગ મેળવતી સંસ્થાઓ પોતાના સ્થળ માટે ગોપનીય સ્કોરકાર્ડ રેટિંગ અને સફળતા અને સુધારાના મહત્વના ક્ષેત્રોનો અહેવાલ મેળવે છે. પ્રોગ્રામ વિશે વધુ માહિતી અહીંથી મેળવો, www.rickhansen.com/ontarioratings.

**ક્વોટ્સ (અવતરણો)**

"સીટી ઑફ બ્રેમ્પટન એક મોઝેઈક છે, અને અમે અશક્તતા ધરાવતા લોકો માટે અવરોધો હટાવવા કટિબદ્ધ છીએ જેથી કરીને અને આપણાં સમગ્ર વૈવિધ્ય સમુદાયમાં દરેક વ્યક્તિ સંપૂર્ણપણે સહભાગી બની શકે છે. અમે ગૌરવ અનુભવીએ છીએ કે આપણી દસ સગવડોને રિક હેન્સેન ફાઉન્ડેશન એક્સેસિબિલિટી સર્ટિફિકેશન મળ્યું છે, અને અમે રિક હેન્સેન ફાઉન્ડેશન પાસેથી મળેલો પ્રતિભાવ આવકારીએ છીએ. આપણે આપણાં સ્થળોના પહોંચ સુલભતાના સ્તરોની વધારે સારી રીતે સમજીને, બધાં લોકો માટે વધારે સર્વગ્રાહી અને પહોંચ સુલભ શહેર બનાવવા તરફ કામ કરવાનું ચાલુ રાખી શકીએ છીએ."

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઑફ બ્રેમ્પટન*

"હું સીટી ઑફ બ્રેમ્પટન અને રીજીયન ઑફ પીલની એક્સેસિબિલિટી એડવાઈઝરી કમિટીઓના સભ્ય તરીકે, એ સાંભળીને રાજી થઉ છું કે આપણાં દસ સ્થળોને રિક હેન્સેન ફાઉન્ડેશન એક્સેસિબિલિટી સર્ટિફિકેશન રેટિંગ મળ્યું છે અને અનિવાર્ય પ્રમાણન જરૂરિયાતો સંતોષીએ છીએ, અને આપણે હજુ બાકી કામ કરવાનું ધ્યાનમાં છે. અવરોધો હટાવવાથી આપણો સમુદાય દરેક વ્યક્તિ માટે પ્રવેશ સુલભ બને છે, અને આપણી ઈમારતોની પ્રવેશ સુલભતાના સ્તરો સમજવામાં, આપણે બધાં રહેવાસીઓને સીટીની સગવડોનો આનંદ માણવા દઈને, માહિતગાર પ્રવેશ સુલભતા સુધારાઓ કરવાનું ચાલુ રાખી શકીએ છીએ."

*- પૅટ ફોર્ટિની (Pat Fortini), પ્રાદેશિક કાઉન્સિલર, વૉર્ડ્સ 7 અને 8, એક્સેસિબિલિટી એડવાઈઝરી કમિટી કાઉન્સિલ સભ્ય, સીટી ઑફ બ્રેમ્પટન; સભ્ય, રીજીયન ઑફ પીલ એક્સેસિબિલિટી એડવાઈઝરી કમિટી*

"સીટી ઑફ બ્રેમ્પટનમાં, અમે બધી ક્ષમતાઓ ધરાવતા લોકોને સેવા આપી શકે તેવું મોઝેઈક શહેર બનાવવા કટિબદ્ધ છીએ. આ RHFAC રેટિંગ્સ આપણી સગવડોને બધાં બ્રેમ્પટનવાસીઓ માટે વધારે પહોંચ સુલભ બનાવવાની રીત પર વધારે સૂઝ પૂરી પાડે છે, અને આપણને ભાવિ પહોંચ સુલભતા સુધારાઓ કરવાની સ્થિતિમાં મૂકે છે."

*- ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઑફ બ્રેમ્પટન*

"હું દસ સ્થળો માટે RHF એક્સેસિબિલિટી સર્ટિફિકેશન હાસલ કરવા બદલ અને બધી જગ્યાઓએ દરેક વ્યક્તિ માટે આવકાર્ય પર્યાવરણ વિકસાવવા તરફ પહેલું પગલું ભરવા બદલા સીટી ઑફ બ્રેમ્પટનને અભિનંદન પાઠવવા ઈચ્છું છું. સીટી ઑફ બ્રેમ્પટન અશક્તતા ધરાવતા લોકો, તેઓના મિત્રો, અને તેઓના કુટુંબીજનોની સંપૂર્ણ સહભાગિતાની ચાવી ધરાવતા ઉદ્યોગમાં ખરેખરી આગેવાની દેખાડી રહ્યું છે."

*- બ્રેડ મૅકનૅલ (Brad McCannell), ઉપ-પ્રમુખ - એક્સેસ એન્ડ ઈન્કલુઝન, રિક હેન્સેન ફાઉન્ડેશન*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ (Coordinator, Media & Community Engagement)
સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન (Strategic Communication)
સીટી ઑફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca